# વિચાર નિર્ઝર

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મહેસાણા

# OPEN EDUCATIONAL RESOURCES

★ પ્રેરક ★

**ડૉ. ગૌરાંગ સી. વ્યાસ**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

**પ્રયોજક**

ડૉ. એસ. સી. રબારી ( સીનીયર લેકચરર )
અનિલભાઈ બી. વેકરિયા ( લેકચરર )
ઈ.ટી. શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

**નિર્માણ**

એજ્યુકેશનલ ટેકનોલોજી શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

# પ્રેરક

**ડૉ. ગૌરાંગ સી. વ્યાસ**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

# પ્રયોજક

**ડૉ. એસ. સી. રબારી** ( સિનિયર લેકચરર )
**અનિલભાઈ બી. વેકરિયા** ( લેકચરર )
ઈ.ટી. શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

# લેખન અને સંપાદન

**હેમંતકુમાર સી ગુર્જર ,** મુ.શિ. તેલાવીપુરા પ્રાથમિક શાળા, જોટાણા

**ડૉ. મિહિરકુમાર એન. સોલંકી,** ઉ.શિ. મહેસાણા પ્રા. શાળા નંબર ૩ , મહેસાણા

**મનિષકુમાર બી. પ્રજાપતિ ,** મુ.શિ. લક્ષ્મીપુરા (ડા) પ્રાથમિક શાળા,ખેરાલુ

**મેહુલકુમાર એમ પ્રજાપતિ,** ઉ.શિ. દોલતપુરા(ડા) પ્રાથમિક શાળા, વિજાપુર

**સુનિલકુમાર ડી. ચૌધરી,** ઉ.શિ. હરસુંડલ પ્રા. શાળા , જોટાણા

**સંદિપકુમાર આર.ચૌધરી,** ઉ.શિ. મલેકપુર પ્રાથમિક શાળા,ખેરાલુ

# સમીક્ષક

**ડૉ. એસ. સી. રબારી (સિનિયર લેકચરર )**

**ડૉ. જૈનીબેન ભોજક**

**પ્રસ્તાવના**

શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજોને જોતા કહી શકાય છે કે ટેકનોલોજીના પ્રવાહે શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. ભારતીય શિક્ષણમાં ગુરુ પ્રણાલીથી ઈ-લર્નિંગ સુધીની શિક્ષણ યાત્રામાં ટેકનોલોજી નો ખૂબ મોટો ફાળો છે. શિક્ષક જ્ઞાનની દ્રષ્ટિએ જેટલો સમૃદ્ધ હશે. તેટલો લાભ વિદ્યાર્થીઓને મળશે. શિક્ષક ઇન્ટરનેટ, લાઈબ્રેરી, ઈ-લાયબ્રેરી જેવા માધ્યમોનો ઉપયોગ કરી પોતાના જ્ઞાનને સમૃદ્ધ કરે છે. શિક્ષકે મેળવેલા જ્ઞાનનો અભ્યાસક્રમ સાથે અનુબંધ સાધી શ્રેષ્ઠ શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે .

પ્રવર્તમાન સમયમાં ટેકનોલોજીના વિકાસના કારણે શિક્ષણની પ્રક્રિયામાં આમૂલ પરિવર્તન આવેલ છે. શિક્ષણ એ “Powered by technology fueled by information and drivey by knowledge” કહેવાય છે. શિક્ષણ ક્ષેત્રે અમૂલ પરિવર્તન લાવવા માટે (OER )ઓપન એજ્યુકેશનલ રિસોર્સિસનો શિક્ષણમાં વિનિયોગએ શિક્ષણની પ્રક્રિયાને સરળ, અસરકારક અને વ્યાપક બનાવશે. શિક્ષક વિષયવસ્તુને સરળ અને રુચિકર બનાવવા માટે ઇન્ટરનેટ, મલ્ટીમીડિયા પ્રોજેક્ટર, શૈક્ષણિક વેબસાઇટ્સ, સોફ્ટવેર અને વિવિધ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકશે.

શિક્ષક હમેશા આજીવન વિદ્યાર્થીછે. સતત નવીન પ્રવાહોથી વાકેફ અને ટેકનોસેવી હોવો જોઈએ. માટે આ મોડ્યુલ તમામ શિક્ષકોને ઉપયોગી થશે, જેઓ સાંપ્રત સમયના પ્રવાહમાં જરૂરી ICTની માહિતીથી સજ્જ હોય, શાળામાં જરૂરી એવા સોફ્ટવેર કે એપ્લિકેશન થકી વર્ગખંડમાં શિક્ષણને વધુ અસરકારકતાથી રજૂ કરી શકે. ICT થી E-Governance Class Room Transantion ખૂબ જ સુંદર પરિણામ મળેલ છે . જેના પરિણામ અને પરિવર્તનો પ્રાથમિક શિક્ષણમાં જણાય છે.

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પેજ નં. |
| --- | --- | --- |
| 1 | Open Educational Resources<br>Educational websites | 4 |
| 2 | DIKSHA પ્લેટફોર્મ વિશે | 13 |
| 3 | Document Conversation | 19 |
| 4 | માઇક્રોસૉફ્ટ 365 એકાઉન્ટ | 22 |
| 5 | સાયબર સિક્યોરિટી | 31 |
| 6 | MIT- Scratch- Coding | 37 |
| 7 | Magic of Image Search Applications | 40 |
| 8 | **TRAINING MANAGEMENT SYSTEEM(tms.dietmehsana.org)** | 45 |

## Open  Educational websites

મુક્ત શૈક્ષણિક સ્રોત (OER) એટલે ઉચ્ચ ગુણવત્તાવાળી ઓનલાઈન કે ઓફ્લાઈન શૈક્ષણિક સામગ્રી કે જેનો કોઈપણ વ્યક્તિ ઉપયોગ કરી શકે અને અન્યને શેર પણ કરી શકે. આવા સ્રોતોમાં ચિત્રો, વીડિયો ,ઓડિયો ,આંતર ક્રિયાત્મક સામગ્રી, એનિમેશન, પુસ્તકો, કસોટી, મોડ્યૂલ, સોફ્ટવેર અને સંપૂર્ણ કોર્સનો સમાવેશ થાય છે. આવા સ્રોત ઓપન લાઈસન્સ ધરાવતા હોય છે. ઓપન લાઈસન્સ એટલે સહુ કોઈ અધ્યયન-અધ્યાપન માટે નિઃશુલ્ક ઉપયોગ કરી શકે છે. આજના સમયમાં સહુ કોઈને જેનો પરિચય છે તે વિકિપીડીયા કે એન્સાઈક્લોપીડિયાએ આવા OER ના ઉપયોગ થકી જ શક્ય બન્યો છે. યુનેસ્કો જેવી સંસ્થા પણ OER નો ઉપયોગ વધે તે માટે સતત પ્રયત્નશીલ છે. તેમાં વિવિધ પ્રકારના ઓડિયો, વીડિયો, અભ્યાસ સામગ્રી, પાઠ્યપુસ્તકો, મોડ્યૂલ્સ, વિવિધ કોર્ષ, પાઠ આયોજન, સોફ્ટવેર્સ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. રાષ્ટ્ર કક્ષાએ NROER, DIKSHA, PATH SHALA, જ્ઞાનગંગા જ્યારે રાજ્ય કક્ષાએ GROWER જાણીતા ઓપન એજ્યુકેશનલ રિસોર્સીસ છે.

આજનો યુગ ટેકનોલોજી યુગ કહેવાય છે. ટેકનોલોજીનો રોજિંદા વ્યવહારમાં ખૂબ જ ઉપયોગ થવા લાગ્યો છે. આજે દુનિયામાં બેંકીંગ શિક્ષણ ક્ષેત્ર , બેંકિંગ સેવા , ટ્રાન્સપોર્ટ સેવા , ઉદ્યોગો , ગર્વમેન્ટ સેક્ટર , રેલવે સેવા , ટપાલ સેવા , ધંધાકીય ક્ષેત્રે વગેરે તમામ ક્ષેત્રમાં ટેકનોલોજી ખૂબ જ વિકસી રહી છે. કોઈપણ ક્ષેત્ર હોય તે ટેકનોલોજી વગર અધૂરું જણાય છે. કોઈપણ કામને સરળ અને સારી રીતે પ્રદર્શિત કરવા ટેકનોલોજી ખૂબ જ મહત્વની બની જાય છે. કોઇપણ માહિતી શોધવા આપણે ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા સરળતાથી મેળવી શકીએ છીએ. વેબસાઈટ એટલે વર્લ્ડ વાઈડ વેબ. જેને માહિતીનો ખજાનો કહેવાય છે.

- ચાલો આવી કેટલીક શૈક્ષણિક વેબસાઈટ વિશે પરિચય મેળવીએ.
- NCERT -: (NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING)
- વેબલીંક -: https://ncert.nic.in/
- નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) એ એક સ્વાયત્ત સંસ્થા છે. જેની સ્થાપના 1961માં ભારત સરકાર દ્વારા શાળા શિક્ષણમાં ગુણાત્મક સુધારણા માટેની નીતિઓ અને કાર્યક્રમો અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારોને મદદ કરવા અને સલાહ આપવા માટે કરવામાં આવી હતી. NCERT અને તેના ઘટક એકમોના મુખ્ય ઉદ્દેશ્યો છે: શાળા શિક્ષણ સાથે સંબંધિત ક્ષેત્રોમાં સંશોધન હાથ ધરવા, પ્રોત્સાહન આપવું અને સંકલન કરવું, મોડેલ પાઠ્યપુસ્તકો, પૂરક સામગ્રી, ન્યૂઝ લેટર્સ, જર્નલ્સ તૈયાર કરવા અને પ્રકાશિત કરવા અને શૈક્ષણિક કિટ્સ, મલ્ટી મીડિયા ડિજિટલ સામગ્રી વગેરે વિકસાવવા.

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના લક્ષ્યોને હાંસલ કરવા માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરે છે. સંશોધન, વિકાસ, તાલીમ, વિસ્તરણ, પ્રકાશન અને પ્રસાર પ્રવૃત્તિઓ ઉપરાંત, NCERT એ શાળા શિક્ષણના ક્ષેત્રમાં અન્ય દેશો સાથે દ્વિપક્ષીય સાંસ્કૃતિક વિનીમય કાર્યક્રમો માટે અમલીકરણ એજન્સી છે. NCERT આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ વાતચીત કરે છે અને કામ કરે છે, વિદેશી પ્રતિનિધિમંડળોની મુલાકાત લે છે અને વિકાસશીલ દેશોના શૈક્ષણિક કર્મચારીઓને વિવિધ તાલીમ સુવિધાઓ પ્રદાન કરે છે. NCERT ના મુખ્ય ઘટક એકમો જે દેશના વિવિધ પ્રદેશોમાં સ્થિત છે તે છે:

- રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાન (NIE), નવી દિલ્હી
- સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યુટ ઓફ એજ્યુકેશનલ ટેક્નોલોજી (CIET), નવી દિલ્હી
- પંડિત સુંદરલાલશર્મા સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફવોકેશનલ એજ્યુકેશન (PSSCIVE), ભોપાલ
- પ્રાદેશિક શિક્ષણ સંસ્થા (RIE), અજમેર
- પ્રાદેશિક શિક્ષણ સંસ્થાન (RIE), ભોપાલ
- પ્રાદેશિક શિક્ષણ સંસ્થા (RIE), ભુવનેશ્વર
- પ્રાદેશિક શિક્ષણ સંસ્થા (RIE), મૈસુર
- ઉત્તર-પૂર્વ પ્રાદેશિક શિક્ષણ સંસ્થાન (NERIE), શિલોંગ




NCERT વેબપોર્ટલ પર કેટલીક અગત્યની વેબસાઈટની લીંક નીચે મુજબ છે તથા તેની વેબસાઈટના કેટલાક ચિત્રો નીચે મુજબ દર્શાવેલ છે. જેના દ્વારા આપ માહિતીગાર થઈ શકશો અને આપના વર્ગખંડમાં પણ ઉપયોગ કરી શકશો.










- **GCERT વિશે (ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ) -: [http://gcert.gujarat.gov.in/](http://gcert.gujarat.gov.in/)**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) એ પ્રાથમિક અને માધ્યમિક શાળા સ્તરે ગુણાત્મક અને નવીન શિક્ષણની વૃદ્ધિ માટે રાજ્ય સ્તરની મુખ્ય સંસ્થા છે. GCERT ની શરૂઆત 1962 માં 'સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન (SIE)' તરીકે કરવામાં આવી હતી. બાદમાં તેને રાજ્ય શિક્ષણ વિભાગના ઠરાવ હેઠળ 1988 માં SCERT તરીકે અપગ્રેડ કરવામાં આવી હતી. અપગ્રેડ કરેલ SCERT હવે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) તરીકે નામ આપવામાં આવ્યું છે તે એક સંપૂર્ણ સંરચિત રાજ્ય સ્તરની શૈક્ષણિક સંસ્થા છે અને તે ગવર્નિંગ બોડી (GB) તેમજ સરકાર દ્વારા રચાયેલીએક્ઝિક્યુટિવ કમિટી (EC) દ્વારા નિયંત્રિત અને માર્ગદર્શન આપે છે. GCERT વેબસાઈટના હોમ પેજ પર વિવિધ શૈક્ષણિક માહિતી આપવામાં આવેલી હોય છે. જેમકે **GROWER (GUJARAT REPOSITORY OF OPEN & WIDER EDUCATIONAL RESOURCES) ,** એકમ કસોટી , પરિવારનો માળો સલામત અને હૂંફાળો , RIGHT TO INFORMATION ACT ,GCERT DIKSHA , GCERT DIGITAL DESK , TEXTBOOKS LIST ,DIETS , જીવન શિક્ષણ મેગેઝીન , INSHODH , હાયર ઓર્ડર થીંકીંગ માટેની પ્રશ્નાવલી આધારિત એક કદમ આગળની શ્રેણી , માસવાર શૈક્ષણિક આયોજન , અધ્યયન નિષ્પત્તિઓ , SWAYAM PORTAL વગેરે. જેને ઓપન કરતાં વિશેષ માહિતીએ મેળવી શકાય છે અને ડાઉનલોડ કરી શકાય છે. નીચે કેટલીક ઉપયોગી શિક્ષણ વિભાગ વેબસાઈટ દર્શાવેલ છે. જેના દ્વારા આપણે વિશે વધુ માહિતગાર બનીશું.




- **G – SHALA** વેબસાઈટ કે એપ્લિકેશનમાં લૉગિન થયા બાદ નીચે મુજબનું પેજ જોવા મળશે. જેમાં ધોરણ 1 થી 12 ના તમામ વિષય આધારિત ઈન્ટરેક્ટિવ કન્ટેન્ટનો અભ્યાસ કરી શકાશે.
- આપેલ ધોરણમાંથી કોઈપણ એક ધોરણ પસંદ કરતાં નીચે મુજબનું પેજ ખૂલશે.
- ધોરણ પસંદ કર્યા બાદ ધોરણ આધારિત તમામ વિષયની વિન્ડો જોવા મળશે. જેમાં વિષય પસંદ કરતાં તેના તમામ એકમ આધારિત વીડિયો કોન્ટેન્ટ જોવા મળશે ત્યાર પછી સ્વમૂલ્યાંકન ક્વિઝ પણ ભરી શકાશે.
- વિષય આધારિત એકમની પસંદગી કરતાં તે વિષયના તમામ એકમ જોવા મળશે.
- ત્યારબાદ એકમની પસંદગી કરતાં એકમ આધારિત વીડિયો કોન્ટેન્ટ અને સ્વ મૂલ્યાંકન ક્વિઝ જોવા મળશે. જે વિધાર્થીઓ 30 મિનિટમાં પૂર્ણ કરી શકશે અને પોતના મેળવેલ ગુણ જાણી શકશે.
- 






- **G- SHALA ની લીંક -: https://gshala.schoolnetindia.com/**
    - ➢ **SSA (સમગ્ર શિક્ષા અભિયાન)**

      **https://www.ssagujarat.org/**





- **સમગ્ર શિક્ષા અભિયાન -: http://samagrashiksha.ssagujarat.org/en/home**




- સમગ્ર શિક્ષા વેબસાઈટના હોમ પેજ પર વિવિધ મેનુ જોવા મળે છે. જેમકે હોમ , પ્રોજેક્ટસ , ડોક્યુમેન્ટ્સ , eResources. જેમા હોમ લર્નિંગ , ટૂંકાક્ષરી યાદી , RIT information ,બ્રિજ કોર્ષ , e–content , પ્રજ્ઞા , વિદ્યાપ્રવેશ , સ્વઅધ્યયનપોથી. જે બાળકો માટે ખૂબ જ ઉપયોગી સાહિત્ય છે.
- સમગ્ર શિક્ષાના હોમ પેજ સમાવિષ્ટ કેટલીક વેબસાઇટની લીંક નીચે મુજબ છે. જે આપણને શાળાકીય પ્રવૃત્તિ દરમિયાન ખૂબ જ ઉપયોગી બને છે. જેમકે ઓનલાઇન પોર્ટલ જેના દ્વારા શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરી ભરી શકાય છે.
- Online attendance -: નવેમ્બેર 2018 થી શાળામાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની ઓનલાઈન હાજરી આ સિસ્ટમ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના દ્વારા શાળા કક્ષાએ ઓનલાઈન હાજરી ભરી શકાય છે.



- ઉપરના ચિત્રમાં દર્શાવેલ વિગત અનુસાર પ્રોસેસ કરતાં નીચે મુજબનું હોમ પેજ જોવા મળશે. જેના દ્વારા વિદ્યાર્થીઓની , શિક્ષકોની હાજરી ભરી શકશે. વિદ્યાર્થીઓના **SAT** ડેટા પણ ડાઉનલોડ કરી શકશે. દર વર્ષે **GCERT** ના માર્ગદર્શન હેઠળ **GSQAC** દ્વારા દરેક શાળામાં ગુણોત્સવ 2.0 અન્વયે બાહ્ય મૂલ્યાંકન થયા બાદ શાળાનો ગ્રેડ જાણવા GSQACનો રેપોર્ટ કાર્ડ ડાઉનલોડ કરી શકાશે. દર શનિવારે યોજાતી સામાયિક મૂલ્યાંકન કસોટી અંતર્ગત પ્રશ્નબેંક મેળવી શકાશે.




- INSHODH (EDUCATION INNVATION BANK) -:
- જેની લીંક -: http://www.inshodh.org/
- **EDUCATION INNOVATION BANK** દ્વારા શિક્ષણક્ષેત્રે થયેલ નવાચારથી આપ સૌ માહિતગાર થઈ શકો છો. જે આપના વર્ગના અધ્યયન અને અધ્યાપન કાર્ય માટે ખૂબ સહાય થશે.
- આમ શૈક્ષણિક વિવિધ વેબસાઈટ દ્વારા શિક્ષણને વધુ અસરકારક અને ટેક્નોલોજીયુક્ત બનાવી શકાય છે.

❖ વિવિધ શૈક્ષણિક વેબસાઈટની લીંક QR CODE સ્વરૂપે નીચે દર્શાવેલ છે. જેને સ્કેન કરતા આપ તે વેબસાઇટની મુલાકાત કરી શકો છો.

SSA Gujarat

SAMAGRA SHIKSHA

GYANKUNJ

G SHALA

GCERT

EDUCATION DEPARTMENT

INSHODH

MDM GUJARAT

NCERT

**CIET** **e Path shala** **NATIONAL DIGITAL LIBRARY**

- **Reference -: NCERT , GCERT , SSA GUJARAT , NATIONAL DIGITAL LIBRARY , EDUCATION DEPARTMENT** ની માહિતી વેબ સાઈટ પરથી લેવામાં આવેલ છે.

# DIKSHA પ્લેટફોર્મ વિશે

DIKSHA એટલે Digital Infrastructure for Knowledge Sharing જે શાળાશિક્ષણ માટેનું એક રાષ્ટ્રીય પ્લૅટફોર્મ છે. DIKSH શિક્ષણમંત્રાલય (MoE), GoIના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, (NCERT)ની એક અનોખી પહેલ છે. DIKSHA લગભગ તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, CBSE સહિત કેન્દ્રીય સ્વાયત્ત સંસ્થાઓ/બોર્ડ દ્વારા અપનાવવામાં આવ્યું છે. આ DIKSHAનો ઉપયોગ સમગ્ર દેશના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કરી શકાય છે અને હાલમાં તે 36 ભારતીય ભાષાઓમાં રજૂ થયેલ છે. દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ પોતાની રીતે DIKSHA પ્લેટફોર્મનો લાભ લઈ રહ્યા છે. ભારત સરકારની PMeVidyaપહેલ હેઠળ, જેને આત્મનિર્ભર ભારતના ભાગ રૂપે જાહેર કરવામાં આવી છે તે DIKSHA ને 'એક રાષ્ટ્ર, એક ડિજિટલ પ્લેટફોર્મ' તરીકે જાહેર કરવામાં આવેલ છે.




**Solutions on DIKSHA - Diverse, Flexible and Evolving**

DIKSHA ઓપન સોર્સ ટેક્નોલોજી પર બનેલ છે. DIKSHA એ ભારતમાં બનાવેલ છે અને ભારત માટે બનાવેલ છે, જેમાં ઈન્ટરનેટ સ્કેલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવેલ છે અને અધ્યયન અને અધ્યાપન માટે ઘણા ઉપયોગ અને ઉકેલો માટે મદદરૂપ થાય છે. ETB, ઑનલાઇન કોર્સીસ, સામગ્રી, ઇન્ટરેક્ટિવક્વિઝ, પ્રશ્નબેંક, અને ડેશબોર્ડ. કોવિડ-19 રોગચાળાના સમયમાં, પ્લૅટફોર્મ સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઉપયોગમાં અભૂતપૂર્વ વધારો અનુભવ્યો છે. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો (CWSN) માટે અધ્યયન અધ્યાપનમાં મદદ કરવા માટે, DIKSHA પર મોટી સંખ્યા માં ઑડિયોબૂક્સ, ISL (ભારતીય સાઇન લેંગ્વેજ) વીડિયો અને ડિક્શનરી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.


NCERT, PM eVIDYA, DTH-TV ચેનલો (વર્ગ I થી XII સુધી એક વર્ગ, એક ચેનલ) દ્વારા 24x7 ધોરણે વિદ્યાર્થીઓ માટે સામગ્રી પણ પહોંચાડે છે. આ ચેનલો વર્ગ મુજબની સામગ્રીઓ પહોંચાડે છે જે QR કોડ દ્વારા DIKSHA સાથે લિંક છે. આ પ્રસારણ સામગ્રી DIKSHA પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ DIKSHA પ્લેટફોર્મનો લાભ કઈ રીતે મેળવવો તેની વિગતે **માહિતી** મેળવીએ.

શીખવાના મુદ્દા


(1) DIKSHA એપ ડાઉનલોડ કરવા માટે.

DIKSHA એપ ડાઉનલોડકરવા માટે નીચે આપેલ માહિતી પ્રમાણેના સ્ટેપ અનુસરો એટલે એપ ડાઉનલોડ કરી શકાશે.

(1)મોબાઈલમાં ગૂગલપ્લે સ્ટોર ખોલો➲ (2) સર્ચબારમાં DIKSHA લખી સર્ચ પર ક્લિક કરો. ➲ (3) Install બટન પર ક્લિક કરો.➲ (4) એપ Open બટન પર ક્લિક કરો. ➲ (5) DIKSHA એપ **ચાલુ થશે.**




આ ઉપરાંત કમ્પ્યૂટર કે મોબાઈલના વેબબ્રાઉઝરથી DIKSHA પ્લેટફોર્મ પર જવા માટે વેબબ્રાઉઝરના અડ્રેસબારમાં www.diksha.gov.in લખી DIKSHA પ્લેટફોર્મ પર જઈ શકાશે.






(2) DIKSHA પ્લેટફોર્મ પર User રજિસ્ટ્રેશન **કરવા** માટે.


DIKSHA પ્લેટફોર્મ પર User રજિસ્ટ્રેશન **કરવા** માટે નીચે આપેલ માહિતી પ્રમાણે અનુસરો એટલે User રજિસ્ટ્રેશન કરી શકાશે.

(1)DIKSHA એપને ઓપન કરો. ➲ (2) લોગીન બટનની બાજુમાં આપેલ Registration Here પર ક્લિક કરો. ➲ (3) રજિસ્ટ્રેશન માટે જરૂરી માહિતી ભરો જેવી કે, Full Name, Date of Birth વગેરે વિગતો. ➲ (4) Register બટન પર ક્લિક કરો.
➲ (5) મોબાઈલ પર OTP આવે તે કન્ફર્મ કરી રજિસ્ટ્રેશન પૂર્ણ કરો.

આ ઉપરાંત આપ Sign in With Googleની મદદથી પણ રજિસ્ટ્રેશન કરી શકાય.







(3) DIKSHA પ્લૅટફોર્મ પર પ્રોફાઈલ બનાવવા માટે.

DIKSHA પ્લૅટફોર્મ પર પ્રોફાઈલ બનાવવા માટે નીચે આપેલ માહિતી પ્રમાણે અનુસરો એટલે પ્રોફાઈલ બનાવી શકાશે.

(1)DIKSHA એપને ઓપન કરો. ➲ (2) Edit પ્રોફાઈલ પર ક્લિક કરો. ➲ (3) પ્રોફાઈલ માટે જરૂરી માહિતી ભરો જેવી કે, Name, User Type, Board, Medium વગેરે વિગતો. ➲ (4)Save બટન પર ક્લિક કરો.





(4) DIKSHA પ્લૅટફોર્મ પર જોવા મળતા વિવિધ મેનુઓ વિશે.

DIKSHAપ્લેટફોર્મ પર વિવિધ મેનુઓ જોવા મળે છે. જેવા કે, હોમપેજ, સર્ચમેનુ, QR કોડ સ્કેનર, ડાઉનલોડ, પ્રોફાઈલવગેરેના ઉપયોગ વિશે મહિતી મેળવીએ.


હોમપેજ મેનુ :

અહીં આ મેનુમાં તમામ વિષયના એકમના વીડિયો, TEXT BOOK, PDF અને મૂલ્યાંકન કસોટી જોવા મળે છે.




સર્ચમેનુ :

અહીં આ મેનુમાં કોઈપણ વિષયનું સાહિત્ય Search બોક્ષમાં લખી તેને અનુરૂપ વીડિયો, ડિજિટલ ટેક્ષબૂક, કોર્સ, ટીવી ક્લાસ, ઓડિયો અને ઈનટરએક્ટિવ સાહિત્ય શોધી શકાય છે. આ સાથે વિવિધ કોર્સ કે તાલીમ શોધી શકાય છે. જેમ કે, ગુણોત્સવ 2.0, નિષ્ઠા તાલીમ, સ્વરક્ષણ તાલીમ વગેરે.




QR કોડ સ્કેનર મેનુ :

અહીં આ મેનુ દ્વારા પાઠ્યપુસ્તકમાં આપેલ QR કોડ સ્કેન કરતાં તે એકમને અનુરૂપ વીડિયો અને PDF સાહિત્ય મેળવી શકાય છે. આ મેનુ વિદ્યાર્થીને અનુકૂળ સમય અને વાતાવરણમાં અભ્યાસના મહાવરા માટે ઉપયોગી થશે.







## ડાઉનલોડ





અહીં આ મેનુ દ્વારા આપે જે તાલીમ, કોર્સ કે એકમનો અભ્યાસ કર્યો છે તેનું સાહિત્ય અહીં ડાઉનલોડ થયેલું જોવા મળે છે.

## પ્રોફાઈલ

અહીં આ મેનુ આપની પ્રોફાઈલની વિગત અને આપે પસંદ કરેલ ધોરણ, બોર્ડ અને વિષય જોવા મળે છે. સાથે આપ જે કોર્સ કે તાલીમમાં જોડાયા છો, કેટલા કોર્સ પૂર્ણ થયા અને કેટલા કોર્સ બાકી છે તેની માહિતી જોવા મળે છે. આ સાથે જે કોર્સ પૂર્ણ કરેલ છે તેની સામે તે કોર્સ પૂર્ણ કરેલ અંગેનું ડિજિટલ **સર્ટિફિકેટ** આપેલ છે. જે ડાઉનલોડ કરી શકાય છે.




## લોગઆઉટ

લોગઆઉટ થવા માટે ઉપર ડાબી બાજુ આપેલ ત્રણ આડી રેખા ઉપર ક્લિક કરતાં My Groups, Import Content Language Setting Help અને Logout જેવા ઓપ્શન જોવા મળે છે. તેમાંથી લોગઆઉટ પર ક્લિક કરતાં લોગીનમાંથી બહાર નીકળી શકાય છે.


Reference: સંદર્ભ સાહિત્ય

૧. https://diksha.gov.in/

૨. I'm Techno-savvy Teachrમોડ્યુલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

## Document Conversation


આપણને સૌને કમ્પ્યૂટર જાણકારી બાબતે વિવિધ પ્રકારની મૂંઝવણો કે સમસ્યાઓ પડતી હોય છે. અહીં આવી મૂંઝવણો દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

- **Font Install કેવી રીતે કરશો ?**

સૌ પ્રથમ, તમારી પાસે ફોન્ટ્સનો સમૂહ હોવો આવશ્યક છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને યુનિકોડ ફોન્ટ મોટા ભાગે ઉપયોગ કરતા હોઈએ છીએ. ફોન્ટ ઇન્સ્ટોલ કરવા માટે નીચે મુજબ સ્ટેપ અનુસરો.

Control panel--All control panel item—Fonts

ત્યારબાદ તમે જે ફોન્ટ ઇન્સ્ટોલ કરવા માગો છો એ ફોન્ટ ખોલીને બાજુમાં બતાવેલ ફોટો વાળી જગ્યાએ Drag(ખેચીને)કરીને મૂકી દો. પછી Install પર ક્લિક કરો. કેટલાક જરૂરી યુનિકોડ ફોન્ટસ ડાઉનલોડ કરવા માટે લિંક નીચે આપેલ છે.



https://www.lipikaar.com/support/download-unicode-fonts-for-gujarati

- **PDF ફાઈલમાં કેવી રીતે Editing કરી શકાય ?**

ઘણીવાર PDF ફાઈલમાં આપણને જરૂરી સુધારા વધારા કે ઘટાડાની જરૂર પડતી હોય છે. તો એ માટે કેટલીક માહિતી અહીં આપેલ છે.

Foxit editor નામનું એક નાનકડું સોફ્ટવેર કમ્પ્યૂટરમાં Install કરીને PDF ફાઈલ એમાં ખોલીને PDF ફાઈલમાં જરૂરી સુધારા વધારા કરી શકાય છે. સોફ્ટવેર ડાઉનલોડ કરવા માટે લિંક નીચે આપેલ છે.


https://www.foxit.com/downloads/#Foxit-PhantomPDF-Standard/

- **Team viewer અને Anydesk સૉફ્ટવેર**


અમુક સમયે કમ્પ્યૂટર પર મુશ્કેલીઓ પડે ત્યારે તે મુશ્કેલીઓને નિવારવા કે માર્ગદર્શન માટે કોઈ વ્યક્તિની જરૂર પડતી હોય છે. તમારાથી દૂર બેઠાંબેઠાં કમ્પ્યૂટરના જાણકાર વ્યક્તિ મારફતે તમે કમ્પ્યૂટરની મુશ્કેલીઓ દૂર કરી શકો છો કે માર્ગદર્શન મેળવી શકો છો. આમ કરવાથી સમયનો બચાવ અને વધુ શીખવાની તક પણ મળે છે. આસુવિધા માટે બન્ને કમ્પ્યૂટરમાં આ સોફ્ટવેર ઇન્સ્ટોલ કરેલ હોવું જરૂરી છે અને ઈન્ટરનેટ જોડાણ આવશ્યક છે.

Team viewer ઓપન કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન ખુલશે. સામેના વ્યક્તિને ફોન કરીને જોડાણ માટે તૈયાર કરવા. તમારો ID સામેના વ્યક્તિને આપવો અને connect બટન પર ક્લિક કરીને જોડાણ કરવું. સામેની વ્યક્તિ તમારા કમ્પ્યૂટર પર દૂર બેઠાંબેઠાં પણ કામ કરી શકશે, જેને તમે તમારી સ્ક્રીન પર જોઈ શકાય છે.

**Team viewer**




<u>Anydesk</u>



- <u>**Photo Resize કરવા માટે**</u>

કેટલીકવાર ફોટોને **Resize** કરવાની જરૂર પડતી હોય છે. જેમ કે, ઓનલાઈન ફોર્મ ભરતી વખતે 10kb કે 100kb સાઇઝ.તો આવા સમયે શું કરશો? તો આવો જોઈએ.

Microsoftofficeમાં Picture Managerમાં આ કામ સરળતાથી કરી શકાય છે.

- <u>**Word To PDF**</u>

Msword માં બનાવેલ ફાઈલને PDF બનાવવા માટે,

File—Save As—Other Format—Save As Type—PDF –Save .

- <u>**Lmg to shruti**</u>


https://lmg2shruti.software.informer.com/1.0/

ઉપરની લિંક દ્વારા એક નાનકડું સોફ્ટવેર કમ્પ્યૂટરમાં ઇન્સ્ટોલ કરો. ત્યારબાદ આ સોફ્ટવેર ઓપન કરીને તમે જે લખાણ Img ફોન્ટમાંથી shruti ફોન્ટમાં કન્વર્ટ કરવા માગો છો એ ડાબી બાજુએ સેટ કરો. જમણી બાજુએ એ લખાણ shruti ફોન્ટમાં જોવા મળશે.

- <u>**File address**</u>

Insert—Quick parts—Field—Fields name—File name—format—lower case—Add path to file name પર ક્લિક કરી ok કરવું.

જેનાથી Msword માં બનાવેલ ફાઈલનો path તમારી ફાઈલ પર પ્રિન્ટ થઈ જશે. જે આપણને એ જ ફાઈલ ફરીવાર કમ્પ્યૂટર પર શોધવા ખૂબ ઉપયોગી થશે.



# <u>માઈક્રોસોફ્ટ 365 એકાઉન્ટ</u>


માઈક્રોસોફ્ટ કંપની દ્વારા માઈક્રોસોફ્ટ 365 પ્રોજેક્ટ અંતર્ગત ટીમ, વર્ડ, પાવરપોઈન્ટ, એક્સેલ, ઓઉટલુક, વનડ્રાઈવ વગરે જેવી રોજિંદા જીવનમાં ઉપયોગી 26 થી વધુ સોફ્ટવેર સર્વિસ એક જ એકાઉન્ટ દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ સર્વિસ કેટલીક માર્યાદિત સુવિધા સાથે ફ્રી ટુ યુઝ પણ વાપરી શકાય છે તેમજ એજ્યુકેશન સંસ્થા દ્વારા એજ્યુકેશનલ ઉપયોગ માટે વધુ સુવિધાઓ સાથેનું એકાઉન્ટ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પૂરૂં પાડવામાં આવે છે. **COVID**-19 અસરના કારણે સમગ્ર વિશ્વમાં જયારે લોકડાઉનની  અસર હેઠળ તમામ વિભાગોમાં કાર્યને અસર થઇ છે ત્યારે ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા “શાળાઓ બંધ છે, પણ શિક્ષણ નહિ” સંકલ્પ હેઠળ શિક્ષણકાર્યને પુન: કાર્યરત કરવાના હેતુથી ગાંધીનગર વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા માઈક્રોસોફ્ટ 365 એજ્યુકેશન **A1** અંતર્ગત દરેક વિદ્યાર્થી અને શિક્ષકશ્રી વ્યકતિગત એકાઉન્ટ આપવામાં આવ્યા છે. માઈક્રોસોફ્ટ 365ની ટીમ ઍપ્લિકેશન દ્વારા શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે જોડાઈ શિક્ષણકાર્ય કરવામાં આવ્યું. અહીં આપને આપેલ માઈક્રોસોફ્ટ એકાઉન્ટ માં આપણને શિક્ષક તરીકે શિક્ષણ કાર્યમાં તથા રોજિંદા વહીવટી કાર્યમાં મદદરૂપ થાય તેવી અનેક ઍપ્લિકેશનની સુવિધાઓ  છે. જેનો પ્રારંભિક પરિચય આપને મળી રહે તે માટે સ્ક્રીનશૉર્ટ  સાથે ટૂંકમાં મોબાઈલ અને કમ્પ્યૂટરમાં ઉપયોગ કરવા સારું પરિચય આપવામાં આવેલ છે.

1. માઈક્રોસોફ્ટ 365 એકાઉન્ટ લોગઈન પદ્ધતિ તથા ડેશબોર્ડની સમજ
2. ઓનલાઇન **WORD**, **EXCEL** અને **POWERPOINT**ની સમજઅને ઉપયોગિતા
3. **OUTLOOK, TEAM, WHITEBOARD, FORM**, **ONEDRIVE** ની સમજ અને ઉપયોગિતા
4. અન્ય એપ્લીકેશનની ટૂંકી સમજ અને ઉપયોગિતા
5. મોબાઈલઓફીસ ઍપ્લિકેશનના વિવધ ફીચરની  સમજ તથા રોજિંદા ઓફિસ કામમાં ઉપયોગિતા.

1. માઈક્રોસોફ્ટ 365 એકાઉન્ટ લોગઈન પદ્ધતિ

- આપણે **MICROSOFTEDGE, GOOGLE CHROME, MOZILA FIREFOX** જેવા કોઈપણ બ્રાઉઝરનો ઉપયોગ કરી માઈક્રોસોફ્ટ 365 સર્વિસને મોબાઈલ અને ડેસ્કટોપ બન્ને માધ્યમમાં એક્સેસ કરી શકાય છે. માઈક્રોસોફ્ટ 365ને ઓફિસ 365 તરીકે પણ ઓળખવામાં છે.
- સૌ પ્રથમ કોઈપણ બ્રાઉઝરમાં https://www.office.com/ વેબસાઈટ ટાઇપ કરી એન્ટર આપી ઓપન કરો.




- વેબસાઈટ પર તમને મળેલ યુઝરનેમ અને પાસવર્ડ નાખવાથી નીચે મુજબનું ડેશબોર્ડ જોવા મળશે.








- ડેશબોર્ડ પરથી તમે માઈક્રોસોફ્ટની તમામ **એપ્લિકેશન**નો ઓનલાઈન ઉપયોગ કરી શકો છો.
- માઈક્રોસોફ્ટની ઓનલાઈન એપ્લિકેશનનો ઉપાયોગ કરવાની વિશેષતા એ છે કે, તેને કોઈ પણ સિસ્ટમમાં સરળતાથી કોઈપણ સમયે ઉપયોગ કરી શકાય છે અને તેને કમ્પ્યૂટરમાં નાખવાની જરૂર રહેતી નથી. જેથી હાર્ડડિસ્ક માં જગ્યા રોકાતી નથી.


## 2. ઓનલાઇન WORD, EXCEL અને POWERPOINTની સમજઅને ઉપયોગિતા


❖ સમજ




- ડેશબોર્ડ પર ડાબી બાજુપરના ટેબમાં WORD, EXCEL અને POWERPOINTના આઇકન પર ક્લિક કરી તેને ઓપન કરી શકાય છે.
- ઓનલાઈનWORD એપ્લિકેશનમાં આપ સામાન્ય ડેસ્કટોપ એપ્લિકેશનમાં રોજિંદા ઉપયોગી મોટા ભાગના ઓપ્શન જેમકે HOME, INSERT, LAYOUT વગેરે જોઈ શકશો અને તેનો ઉપયોગ કરી તમારું કામ કરી શકાય છે.






- ઓનલાઈન EXCEL એપ્લિકેશનમાં આપ સામાન્ય ડેસ્કટોપ એપ્લિકેશનમાં રોજિંદા ઉપયોગી મોટા ભાગના વિભાગો જેમકે HOME, DRAW, FORMULA, DATA, INSERT,LAYOUTવગેરે જોઈ શકશો અને તેનો ઉપયોગ કરી તમારું કામ કરી શકાય છે.
- ઓનલાઈન POWERPOINT એપ્લિકેશનમાં આપ સામાન્ય ડેસ્કટોપ એપ્લિકેશનમાં ઉપયોગ રોજિંદા ઉપયોગી મોટા ભાગના ઓપ્શન જેમકે HOME, DRAW, DESIGN, TRANSITIONS, INSERT, ANIMATIONS, SLIDESHOW વગેરે જોઈ શકશો અને તેનો ઉપયોગ કરી તમારું કામ કરી શકાય છે.

❖ ઉપયોગિતા

➢ ઓનલાઇન **WORD, EXCEL** અને **POWERPOINT**ને ઈન્ટરનેટ ધરાવતા કોઈ પણ કમ્પ્યૂટરના બ્રાઉઝરમાં ઓપન કરી શકાય છે. જે કમ્પ્યૂટરમાં માઈક્રોસોફ્ટ ઓફિસ ઉપલબ્ધ ન હોય તેમાં પણ બ્રાઉઝરમાં કામ કરી શકાય છે.

➢ તમે જે કામ કરો છો તે તમારા એકાઉન્ટમાં ઑટોમૅટિક સેવ થાય છે જેથી આકસ્મિક કારણોસર કમ્પ્યૂટરમાં ખરાબી આવતા તમારું કામ બીજા કમ્પ્યૂટરમાં પણ જ્યાં પહોચ્યા હોવ ત્યાંથી શરૂ કરી શકાય છે.

➢ એક જ ફાઈલને એક કરતાં વધુ વ્યક્તિઓ સાથે શેર કરી એડિટિંગ/રિવ્યૂ કરી શકાય છે.


➢ માઈક્રોફોનનો ઉપયોગ કરી ગુજરાતી, હિન્દી જેવી ભાષાઓ બોલીને પણ ઑટોટાઇપ કરી શકાય છે.

➢ ડૉક્યુમેન્ટની વર્શન હિસ્ટરી પણ જોઈ શકાય છે.

➢ ઓનલાઈન ડૉક્યુમેન્ટને ઓફલાઈન વર્ક માટે વિવિધ ફાઈલ ફોરમેટમાં ડાઉનલોડ કરી શકાય છે.

**3. OUTLOOK, TEAM, WHITEBOARD, FORM**ની સમજ અને ઉપયોગિતા


❖ **OUTLOOK**




➢ **OUTLOOK –OUTLOOK**એ એક ઈમેલ ક્લાયન્ટ છે. તે માઈક્રોસોફ્ટ સર્વર એક્સચેન્જ સર્વર ઈમેલની મદદથી ઈમેલ મોકલવા અને પ્રાપ્ત કરવા માટે ઉપયોગી છે.


❖ આઉટલુકની મદદથી આપણે કોઈપણ ઈમેલએડ્રેસ પર ઇમેલ મોકલી શકીએ છીએ તથા પ્રાપ્ત કરી શકીએ છીએ.

- ❖ **TEAM**




- ➢ માઈક્રોસોફ્ટ ટીમએ મલ્ટિફંક્શન ટીમ વર્ક માટેની **એપ્લિકેશન** છે. જેની મદદથી એકથી વધુ યૂઝર સાથે વીડિયોકોન્ફરન્સ, લાઇવ ક્લાસરૂમ, **ડૉક્યુમેન્ટ** sharing અને Receiving, મૉનિટરીંગ વગેરે વ્યક્તિગત તથા સંસ્થાકીય કર્યો કરી શકાય છે. કોરોના સમયમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે આ **એપ્લિકેશન** શિક્ષણ કાર્ય માટે આશીર્વાદ રૂપ બની છે.

- ❖ WHITEBOARD





- ➢ WHITE BOARDને આપણે બ્લેક બોર્ડનું ડિજિટલ સ્વરૂપ કહી શકીએ જેની મદદથી આપણે ચિત્ર દોરવું, લખવું, ચિત્ર ઉમેરવું, ગાણિતિકક્રિયાઓ કરવી વગેરે કામ કરી શકીએ છીએ અને જેને ડાયરેક્ટ તથા માઈક્રોસોફ્ટ ટીમ વગેરેના માધ્યમથી એકથી વધુ યૂઝર સાથે શેઅર તથા નિદર્શન કરી શકાય છે.

❖ FORM





➢ માઈક્રોસોફ્ટફોર્મએ સર્વે કરવા માટેની **ઍપ્લિકેશન** છે. માઈક્રોસોફ્ટફોર્મની મદદથી આપણે વિવિધ સર્વે, ક્વિઝ, પરીક્ષાઓ વગેરેનું આયોજન કરી શકીએ છીએ અને તેનો ડેટા તથા પરિણામ **ઑટોમેટિક** રીતે મેળવી શકાય છે.

❖ ONE DRIVE




➢ ONE DRIVEએ માઈક્રોસોફ્ટ દ્વારા સંચાલિત ઓનલાઈન સુરક્ષિત ફાઈલ સંગ્રહ કરવાની સર્વિસ છે. ONE DRIVEમાં આપણે વિવિધ પ્રકારની ફાઈલ જેવી કે ફોટોગ્રાફ, ઓફિસ ડૉક્યુમેન્ટ, વીડિયો વગેરેનો સંગ્રહ કરી શકાય છે. માઈક્રોસોફ્ટ 365માં આપણે કોઈ પણ **ઍપ્લિકેશન**માં કામ કરતાં વિવિધ ફાઈલ **ઑટોમેટિક** ONE DRIVEમાં સેવ થાય છે. ONE DRIVE ફ્રી યૂઝરને 5GB અને વિવિધ ઓર્ગેનાઈઝેશનને 1TBથી લઇ જરૂરિયાત મુજબ સ્ટોરેજ આપે છે. આપણે લિંક દ્વારા અન્ય યૂઝરને પણ ફાઈલ શેઅર કરી શકાય છે તથા તેમની પાસેથી ફાઈલ અપલોડ કરાવી શકાય છે. તેમજ ઓર્ગેનાઈઝેશન દ્વારા આપેલ એકાઉન્ટથી બીજા યૂઝર સાથે પાસવર્ડ પ્રોટેક્શનવાળી તેમજ સમય મર્યાદા નક્કી કરી લિંક દ્વારા પણ ફાઈલ પણ મોકલી શકાય છે.


## 4. અન્ય ઍપ્લિકેશનની ટૂંકી સમજ અને ઉપયોગિતા





- માઈક્રોસોફ્ટ 365માં અન્ય મહત્વની ઍપ્લિકેશન જેવી કે, Calendar, Notebook, Kaizala, Lists, One note, Planner, Power app, Project, Share point, Stream, Sway, To Do, Visio, Yammer વગેરેનો સમાવેશ થાય છે. દરેક ઍપ્લિકેશન સ્વતંત્ર તથા એકબીજા સાથે જોડીને કામ કરે છે. આ ઍપ્લિકેશનની મદદથી તમે વિવિધ ઇવેન્ટ ને વ્યવસ્થિત ઓર્ગેનાઇઝ તેમજ વીડિયો સંગ્રહ, વિવિધ પ્રકારના ડેટાનો સંગ્રહ તથા વેબસાઈટનું નિર્માણ, વિવિધ એપ તથા વિવિધ ઍપ્લિકેશન ઑટોમૅશન કરી શકાય છે.
- આમ, માઈક્રોસોફ્ટ 365એ એક ઓર્ગેનાઈઝેશન તેમજ વ્યક્તિગત ઉપયોગ માટે ખૂબ જ ઉપયોગી છે. તેમજ તે ‘ફ્રી ટુ યુઝ’ પણ છે.

5. **મોબાઈલ માઈક્રોસોફ્ટ ઑફિસ ઍપ્લિકેશનના વિવિધ ફીચરની સમજ તથા રોજિંદા ઑફિસ કામમાં ઉપયોગિતા.**

- ❖ **ઑફિસ (માઈક્રોસોફ્ટ 365) :- માઈક્રોસોફ્ટઑફિસ 365 એ ફ્રી ટુ યુઝ ઍપ્લિકેશન છે. આ ઍપ્લિકેશન ઘણાબધા ઑફિસ ટૂલ જેવા કે, Note, Scan, Word, Excel, PowerPoint, PDF વગેરે સમાવિષ્ટ કરતી એક આચાર્ય, શિક્ષક તથા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી અને હંમેશા મોબાઈલમાં રાખવા જેવી ઓલ ઇન વન ઍપ્લિકેશન છે.**




- ➢ ઑફિસ ઍપ્લિકેશનને આપના ફોનમાં ગુગલપ્લે સ્ટોર તથા એપલ સ્ટોરમાંથી ફ્રી ડાઉનલોડ કરવી ત્યાર બાદ આ ઍપ્લિકેશનને આપના માઈક્રોસોફ્ટ એકાઉન્ટથી લોગ ઇન કરી તથા લોગ ઇન કર્યા વગર પણ વાપરી શકાય છે. આ એપને લોગ ઇન કરી વાપરવાથી વધુ એડવાન્સફીચર્સનો લાભ મળે છે. જેમ કે, તમે કરેલ કામ માઈક્રોસોફ્ટ કલાઉડ સ્ટોરેજમાં ઑટોમૅટિક સેવ થાય છે. જેથી તમે તે ફાઈલ ડેસ્કટોપ તથા અન્ય જગ્યાએથી તમારા એકાઉન્ટમાં લોગ ઇન કરી મેળવી શકો છો. એક જ ફાઈલ અન્ય સાથે શેઅર કરી એકથી વધુ યૂઝર કામ કરી શકો છો. હવે આપણે ઑફિસ ઍપ્લિકેશનના ટુલ્સની ટૂંકમાં સમજ મેળવીએ
- ➢ Note :- આ ટુલ્સની મદદથી તમે નાની તથા મોટી અગત્યની નોટ્સ બનાવી શકો છો.

- Scan :- આ ટુલ્સની મદદથી વિવિધ ડૉક્યુમેન્ટ સારી ગુણવત્તામાં સ્કેન કરી PDF તથા ઈમેજ સ્વરૂપે સંગ્રહ કરી શકો છો.
- WORD, EXCEL, POWERPOINT:- ડેસ્કટોપ તથા ઓનલાઈન વર્ડ, એક્સલ તથા પાવરપોઈન્ટની જેમ જ આમાં નવા ડૉક્યુમેન્ટ બનાવી શકાય છે તેમજ અન્ય દ્વારા તમારી સાથે શેઅર કરવામાં આવેલ ફાઈલમાં એડિટિંગ કરી શકો છો.
- PDF :- સ્કેન કરેલ ડૉક્યુમેન્ટને PDFમાં તબદીલ કરી શકાય છે. ફોટોગ્રાફને PDFમાં તબદીલ કરી શકાય છે. WORD, EXCEL, POWERPOINTમાં બનાવેલ ડૉક્યુમેન્ટને PDFમાં તબદીલ કરી શકાય છે.
- VOICE :- અવાજ રેકોર્ડ કરી શકાય છે. અવાજને લિખિત શબ્દોમાં તબદીલ કરી શકાય છે.
- Scan QR :- આ ટુલ્સની મદદથી આપણે QRકોડ Scan કરી શકાય છે.
- Forms :- આ ટુલ્સની મદદથી વિવિધ પ્રકારની માહિતી મેળવવવા માટે ઓનલાઈનફોર્મ બનાવી શકાય છે. આ ટુલ્સમાં ફોર્મ બનાવી તમે વિદ્યાર્થીઓને ક્વિઝ રમાડી શકાય છે. તેમજ પરીક્ષા પણ લઇ શકાય છે. ફોર્મ દ્વારા આવેલ પ્રતિસાદને Excel સ્વરૂપે પણ મેળવી શકાય છે.

Ref:- https://www.office.com/

# <u>સાયબર સિક્યોરિટી</u>

એકવીસમી સદીએ જ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. વર્તમાન સમયગાળામાં શિક્ષણના ક્ષેત્રમાં ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ થઇ રહ્યો છે. તમામ કક્ષાએ વિદ્યાર્થીઓ ઓનલાઇન શિક્ષણની પદ્ધતિથી પરિચિત થયા છે અને શિક્ષકો પણ વિવિધ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરી ઓનલાઇન અધ્યાપન કરતાં થયા છે. તમામ લોકો ઓનલાઇન શિક્ષણથી પરિચિત થયાં એ હકારાત્મક લાભ સાથે એક નકારાત્મક ગેરલાભ પણ થયો. તે ગેરલાભ એ હતો કે બાળકો ઇન્ટરનેટનો બિનજરૂરી ઉપયોગ કરતાં પણ થયાં. ખાસ કરીને બાળકોમાં ઓનલાઇન ગેમસ, ચેટીંગ, યુ-ટ્યૂબ વીડિયો અને અન્ય સોશિયલમીડિયાના દુરુપયોગમાં વધારો થયો છે. આ સંજોગોમાં બાળકોના અપૂરતા જ્ઞાન અને અણઆવડતને કારણે બાળકો અને તેના વાલીઓની ઓનલાઇન સલામતીનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. ઇન્ટરનેટના સંભવિત દુષણોથી વાકેફ ન હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઓનલાઇન છેતરપિંડી, માહિતીનો દુરૂપયોગ છે. સાયબર ધમકી જેવા કેટલાંય સાયબર અપરાધોનો ભોગ બનવાની સંભાવનાનો ઉદય થયો છે. આ પરિસ્થિતિમાં શિક્ષક, વાલી અને વિદ્યાર્થી દરેકે સાયબર સલામતી પ્રત્યે જાગૃત થવાની તાતી જરૂરિયાત ઉભી થઇ છે. શિક્ષક સાયબર સલામતી વિશે વાકેફ હોય તેમજ સાયબર ગુનાઓના તમામ પાસાંઓનો જાણકાર હોય તો વિદ્યાર્થીઓ અને સમાજને તે માટે જાગૃત કરી શકે. આથી રાજ્યકક્ષાએથી અને રાષ્ટ્રકક્ષાએથી સરકારશ્રી તેમજ વિવિધ એજન્સીઓ દ્વારા સમાજને સાયબર સલામતીની જાણકારી આપી સાયબર અપરાધ પરત્વે જાગૃત કરવાના પ્રયત્નો થયાં છે અને હજુ પણ આવા પ્રયત્નો થઇ રહ્યાં છે. હવે જ્યારે શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઓનલાઇન માધ્યમોનો ભરપૂર ઉપયોગ કરી રહ્યાં છે ત્યારે ઈન્ટરનેટ બાબતે સલામતી એ દરેકની જવાબદારી બને છે તેમજ દરેકે સાયબર ક્રાઇમ અને સાયબર સલામતી વિશે જાગૃત થવું જરૂરી છે. આપણે આ તમામ બાબતોથી ક્રમશઃ પરિચિત થતાં જઇએ.

- ✓ સાયબર અપરાધ એટલે શું ?

  સાયબર અપરાધ એક એવો ગુનો છે જે સીધો કમ્પ્યૂટર, મોબાઇલ અને ઓનલાઈન ઈન્ટરનેટ નેટવર્ક સાથે સંબંધિત છે. તેમાં ગુનેગારો કમ્પ્યૂટર, મોબાઇલ અને ઈન્ટરનેટ નેટવર્ક દ્વારા વિવિધ પ્રકારના ગેરકાયદે કૃત્યો કરે છે જેનાથી વ્યક્તિ, સંસ્થા કે સમાજને આર્થિક, સામાજિક કે ભાવનાત્મક નુકશાન થાય છે. સાયબર ક્રાઇમમાં ઓનલાઇન નાણાંકીય ચોરી, છેતરપિંડી, સાયબર ગુંડાગીરી(સાયબર સ્ટોકીંગ), અંગત માહિતીની ચોરી, કોઇને બદનામ કરવાનું દુષ્કૃત્ય વગેરેનો સમાવેશ થાય છે. હાલમાં ઇન્ટરનેટ દ્વારા કોઇની અંગત માહિતીની ચોરી કરી ખોટા હેતુઓ માટે બીજા કોઈને વહેંચવી, ઓનલાઇન હેકિંગ

વાયરસ મોકલીને કોઇની નેટ બેન્કિંગ, બેંકની સલામત વિગતોની માહિતી મેળવી નાણાંકીય છેતરપીંડી કરવી, કોઇની વ્યક્તિગતનો ફોટો, તેની પ્રવૃત્તિઓ અને ગોપનિયતા ઓનલાઇન જાહેર કરવી, કોઈની અંગત માહિતીની ચોરી કરવી, સરકારી માહિતીની ચોરી કરવી, કોઈનું સર્વર અથવા સામાજિક ખાતું હેક કરવું, ખોટી માહિતી આપવી અથવા માહિતીનો નાશ કરવો, ગેરકાયદે સોફ્ટવેર અથવા ફિલ્મ ડાઉનલોડ કરવી, કોઈને ઓનલાઇન ધમકી આપવી, જાતીય શોષણ વગેરે જેવા સાયબરગુનાઓનો વ્યાપ વધી રહ્યો છે.

✓ **સાયબર અપરાધના પ્રકારો**

1) હેકિંગ (Hacking) 2) સ્પામ ઇ-મેઇલ (Spam Email) 3 ) ફિશિંગ (Fishing) 4) સોફ્ટવેર પાઈરસી 5)સાયબર બુલિંગ (cyber Bullying) 6) સરકાર અથવા દેશ વિરુદ્ધની સાયબર પ્રવૃત્તિઓ 7) ઓળખની ચોરી 8) ઑનલાઇન સ્કેમ્સ 9) લોટરી કૌભાંડ 10) નકલીક્વિઝસ્કેમ 11) ઓનલાઈન કર કૌભાંડ 12) નકલી મિત્રો દ્વારા એકાઉન્ટ નિરીક્ષણ 13) મનીક્લિપિંગ કૌભાંડો 14) ચેરિટી કૌભાંડ

✓ **ઓનલાઈન સલામત કેવી રીતે રહેવું?**

લેપટોપ, મોબાઈલ ફોન, ટેબ્લેટ અથવા પર્સનલ કમ્પ્યૂટર દ્વારા આપણે જગત સાથે જોડાયેલાં રહીએ છીએ. આનંદપ્રમોદ માટે, મિત્રો બનાવવા માટે, એકબીજાના સંપર્કમાં રહેવા અને નવીન બાબતો શીખવા માટે ઈન્ટરનેટ મહત્વનું અને મૂલ્યવાન છે. પરંતુ જો સાવચેતી બાબતે સભાનતા રાખ્યા વગર ઈન્ટરનેટનો ઉપયોગ કરીશું તો ગેરકાનૂની પ્રવૃત્તિ, છેતરપીંડી, ધાકધમકી અને એવા બીજા ગંભીર અપરાધમાં અજાણતા જ આપણે સપડાઈ જઈશું. સામાજિક માધ્યમો દ્વારા આપણે અજાણ્યા લોકોને મળીએ છીએ, જે ઘણીવાર આપણે ધારીએ છીએ એના કરતાં બિલકુલ જુદા પ્રકારના હોઈ શકે છે. આથી ઓનલાઈન સલામત રહેવા નીચે જેવી કેટલીક બાબતો પણ ધ્યાનમાં રાખીએ.

- સરનામું કે ફોન નંબર જેવી અંગત માહિતી અજાણ્યા વ્યક્તિ સાથે ઓનલાઈન શેઅર કરવી નહીં.
- તમારા અંગત ફોટા કે OTP કોઈનેય ક્યારેય શેઅર કરશો નહીં.
- અજાણી વ્યક્તિના ઈ-મેઈલ, લીંક કે અટેચમેન્ટ ખોલો નહીં.
- અજાણ્યા વ્યક્તિ સાથે ઓનલાઈન અંગત મિત્ર જેવો વ્યવહાર ન કરો.
- અજાણ્યા ઓનલાઈન મળ્યા હોય, તેવી વ્યક્તિને રૂબરૂ મળવાનું ક્યારેય ન ગોઠવો.
- ઓનલાઈન કશુંક જોઈ કે વાંચીને તમને ચિંતા થાય કે ભય લાગે તો પરિવારના સભ્યોને જાણ કરો.

- તમારા ઈન્ટરનેટ બ્રાઉઝરને અપ-ટુ-ડેટ રાખો, સમયાંતરે અપડેટ કરતાં રહો.
- તમારા કમ્પ્યૂટરમાં થતી શંકાશીલ કે અજાણી કામગીરી કે સમસ્યા બાબતે સાવધાન રહો.
- તમારા કમ્પ્યૂટરમાં ફાયર વૉલ ઇન્સ્ટોલ કરો અને તેને અપડેટ રાખો.
- પોપ-અપ બ્લોકર જેવી સવલતો ધરાવતા આધુનિક બ્રાઉઝરનો ઉપયોગ કરો.
- તમારા કમ્પ્યૂટરમાં અમર્યાદિત સમય સુધી કોઇ સંવેદનશીલ વિગતો દાખલ કે સંગ્રહ ન કરો.
- સમયાંતરે તમારા ઓનલાઇન એકાઉન્ટ્સના પાસવર્ડ બદલતાં રહો.
- સોશિયલનેટવર્કિંગ સાઇટ્સ પર કોઈની વિનંતી સ્વીકારતા પહેલાં હંમેશા વ્યક્તિની અધિકૃતતાની તપાસકરો.
- સોશિયલનેટવર્કિંગ એકાઉન્ટમાં એવા સેટિંગ્સ રાખો કે જેથી તમારા ફોટા અને પ્રવૃત્તિઓ ફક્ત તમારા કુટુંબીજનો અને જાણીતા મિત્રો સાથે શેર થઇ શકે.
- સોશિયલનેટવર્કિંગસાઇટ પસંદ કરતી વખતે ગોપનીયતા બાબતે કાળજી લો. કોઈ વિગતો પોસ્ટ કરવા, ચેટકરવા, અપલોડ કરવા અથવા ડાઉનલોડ કરતા પહેલાં વિચારો.
- તમારી સોશિયલનેટવર્કિંગ એકાઉન્ટની વિગતો સાથે ચેડાથયાનું ધ્યાનમાં આવે તો તમારી શંકાને તરત જનેટવર્કિંગસાઇટ સપોર્ટટીમને જાણ કરો.
- તમારી પ્રોફાઇલ પર પોસ્ટ કરવામાં આવતી સતામણી અથવા અપમાનજનક ટિપ્પણીઓને ક્યારેય પ્રતિસાદઆપશો નહીં.
- જેમાં તમારા નામનો ઉલ્લેખ ન હોય તેવું ઈ-મેઈલએડ્રેસ રાખવું હિતાવહ છે.
- કમ્પ્યૂટર કે મોબાઈલમાં તમારા બેંક એકાઉન્ટની વિગતો ,પાસવર્ડ કે અંગત માહિતી સ્ટોર કરીને રાખવી નહીં.

✓ **સ્માર્ટફોનનાં ઉપયોગમાં રહેલ જોખમો અને સાવધાની:-**

આપણા પરિવારજનો અને મિત્રો સાથે વાતચીત કરવા ઉપરાંત સેલફોનનો બીજી ઘણી રીતે ઉપયોગ થતો હોય છે. ઈન્ટરનેટ બ્રાઉઝીંગ, બિલો ભરવા, બેન્કના ખાતામાં થતી લેવડદેવડની માહિતી મેળવવા કે ઈ-મેઈલ મેળવવા તેમજ અનેક સામાજિક માધ્યમમાં જોડાવા માટેની **એપ્લિકેશન** જેવી સુવિધાઓ સ્માર્ટફોનમાં હોય છે. થોડા વર્ષો પહેલાં જે અંગત માહિતી બીજાં લોકો કમ્પ્યૂટર દ્વારા જાણી શકતા હતા તે આજે સ્માર્ટફોન દ્વારા થઇ શકે છે. આજે સ્માર્ટફોન બધા માટે હાથવગું સાધન છે સાથેસાથે તમારી અંગત માહિતીને ખુલ્લું કરતું એક જોખમીસાધન પણ છે. તેના ઉપયોગી કેટલાંક જોખમોની શક્યતા છે.

- સ્માર્ટફોન ખોવાઈ જાય અથવા ચોરાઈ જાય ત્યારે તેમાંની તમામ માહિતી અન્ય વ્યક્તિ જાણી શકશે અનેતેનો દુરુપયોગ થવાની સંભાવના રહેશે.
- ફોનમાં તમે સાચવેલી ગુપ્ત માહિતી, ખાનગી ફોટાઓ કે વીડિયો, ઈ-મેઈલ, સંદેશ, ટેક્સ્ટ મેસેજીસ અનેદસ્તાવેજો અજાણ્યા માણસને મળી શકે છે.
- સ્માર્ટફોનમાં નેટવર્ક કનેક્ટિવિટીના વિકલ્પો હોય છે તેથી સાયબર અપરાધી પ્રતિબંધિત નેટવર્કમાં પણ ઘૂસી શકે છે. આવી સુરક્ષિત કરાયેલી કોર્પોરેટ સિસ્ટમમાં આ અપરાધી તમારા ચોરાયેલા ફોનથી હુમલોકરી શકે છે.
- વાઈરસ, ટ્રોજનહોર્સ, વોર્મ્સ જેવા ખતરનાક વાયરસ, છળ-કપટવાળા સોફ્ટવેરના માધ્યમથી આપણા સ્માર્ટફોનમાં ઘૂસી શકે છે.

સ્માર્ટફોનનો ઓનલાઇન ઉપયોગ કરવાથી આ બધી શક્યતાઓ રહેલી છે, માટે તેના ઉપયોગમાં કેટલીક સાવચેતી રાખવી પણ એટલી જ જરૂરી છે. જેમ કે...

- નવો સ્માર્ટફોન ખરીદતી વેળાએ એના સિક્યુરીટીફીચર્સ તપાસી લો અને એ બરાબર કામ કરે છે કે નહીં તે જોઈ લો.
- સ્માર્ટફોનમાં એન્ટી વાયરસ ઇન્સ્ટોલ કરો અને એને તેની જાળવણી કરતા રહો.
- અજાણ્યા મેસેજ કે લિંકને ન અનુસરો.
- તમારા સ્માર્ટફોનમાં કઈકઈ વિગતો સાચવી રાખવી છે તે સમજી વિચારીને નક્કી કરો.
- અજાણ્યા વાઈ-ફાઈ નેટવર્કમાં જોડાશો નહી. અસાલમત વાઈ-ફાઈહોટસ્પોટનો ઉપયોગ કરશો નહીં. બ્લ્યુ ટૂથ, ઇન્ટરનેટ કે વાઈફાઈ જેવા ઈન્ટર ફેઈસનો ઉપયોગ પૂરો થતા જ તેને બંધ કરી દો.
- જૂના સ્માર્ટફોનનો ઉપયોગ બંધ કરવાનો હોય તો તેમાં તમે સંગૃહિત કરેલી તમામ માહિતી રદ કરો.
- WhatsApp મારફત હાલમાં જ WhatsApp Web શરૂ કરવામાં આવ્યું છે. Mirroring services પર્સનલકમ્પ્યૂટર ઉપર કામ કરતી વખતે કામગીરી આસાન બનાવે છે. મોટાભાગના લોકો અજાણ છે કે તેમણે ખરેખરી રીતે WhatsApp Web ઉપરથી તેમના મોબાઇલ મારફત કે બ્રાઉજર મારફત લૉગ-આઉટ થવુંજરૂરી છે. WhatsApp Web ઉપરથી Log Out થવાનું યાદ રાખો તમારી પ્રગતિ ચકાસો.

- તમારા તમામ એકાઉન્ટના પાસવર્ડ સ્ટ્રોંગ રાખો. સૌથી બેસ્ટ પાસવર્ડ 8 ડીજીટ કે તેથી વધુ નો હોવો જોઈએ જેમાં નંબર,આલ્ફાબેટ વિવિધ સિમ્બોલનું મિશ્રણ હોવું જોઇએ તેમજ કોઈ પણ વ્યક્તિ તેને સરળતાથી વિચારી ના શકે તેવો હોવો જોઈએ.

✓ ઇન્ટરનેટ એથિક્સ:-

જે રીતે આપણા વ્યક્તિગત જીવનમાં અને સામાજિક જીવનમાં કેટલીક નીતિઓને અનુસરીએ છીએ, તેજરીતે ઈન્ટરનેટના ઉપયોગ માટે કેટલીક નીતિઓને અનુસરવી જોઈએ. આ બાબતને ઈન્ટરનેટ એથિક્સ તરીકે ઓળખીએ છીએ. ઈન્ટરનેટએથિક્સ એવા નૈતિક સિદ્ધાંતોનો સમૂહ છે જે કોઈ કમ્પ્યૂટર અથવા કમ્પ્યૂટરનો ઉપયોગ કરતી વખતે સ્વીકૃત વર્તન બાબતે કોઈ વ્યક્તિ અથવા જૂથને સંચાલિત કરે છે. આપણે જાણીએ છીએ તેમ, કમ્પ્યૂટર એક અસરકારક સાધન છે પરંતુ તે અંગત બાબતોમાં દખલ, છેતરપિંડી, ગોપનીયતાનો ભંગ,સાયબર-ગુંડાગીરી, સાયબર-સ્ટોકિંગ, બદનામી, હુમલાખોરી અથવા સામાજિક જવાબદારી અને કૉપિરાઇટકરેલી ઇલેક્ટ્રોનિક સામગ્રી જેવી બૌદ્ધિક સંપદાનાહકો જેવી નૈતિક સમસ્યાઓ ઉભી કરે છે. ઇન્ટરનેટ વપરાશકર્તાઓએ નીચે મુજબના કેટલાક નિયમોનું પાલન કરવું જરૂરી છે.

1. અન્ય વપરાશકર્તાઓને નુકસાન પહોંચાડવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરવો નહીં.
2. અન્યોની માહિતી ચોરી કરવા ઇન્ટરનેટનો ઉપયોગ કરશો નહીં.
3. લેખકની પરવાનગી વિના તેના કૉપિરાઇટ સાહિત્યની નકલ કરશો નહીં. કૉપિરાઇટકાયદાઓ અને નીતિઓનો હંમેશા આદર કરો.
4. જેમ તમે અન્ય લોકો પાસેથી અપેક્ષા રાખો છો તેમ અન્યની ગોપનીયતાનો આદર કરો.
5. પરવાનગી વિના અન્ય વપરાશકર્તાના કમ્પ્યૂટર સંસાધનોનો ઉપયોગ કરશો નહીં.
6. જો કોઈ ગેરકાયદે સંચાર અને પ્રવૃત્તિઓ ધ્યાને આવે તો તે બાબતે ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ અને સ્થાનિક કાયદા અમલીકરણ અધિકારીઓને જાણ કરો.
7. વપરાશકર્તાઓ તેમના યુઝર આઈડી અને પાસવર્ડની સુરક્ષા માટે જવાબદાર છે. યાદ રાખવા માટે તેઓએ પેપર પર અથવા બીજે ક્યાંય લખવું જોઈએ નહીં.
8. વપરાશકર્તાઓએ ઇરાદાપૂર્વક અન્ય લોકોની માહિતી મેળવવા અથવા સંશોધિત કરવા માટે કમ્પ્યુટર્સનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

9. કોઈ વ્યક્તિ કે કંપનીએ નિર્માણ કરેલ સોફ્ટવેરની અનઅધિકૃત નકલ કરવી જોઈએ નહીં.

✓ **પ્રકરણ સાર :-**

જેમજેમ ટેકનોલોજી વિકસિત થઈ છે તેમતેમ સાયબર ગુનાઓ કે ઓનલાઇન છેતરપીંડીનો ટ્રેન્ડ પણવધી રહ્યો છે. હવે શિક્ષણની પ્રક્રિયામાં પણ ઓનલાઇન પ્લેટફોર્મનો ઉપયોગ વધવા લાગ્યો છે તથા વિદ્યાર્થીઓ ઓનલાઇન માધ્યમોનો ઉપયોગ કરતા થયાં છે ત્યારે જાણ્યે-અજાણ્યે સાયબર ક્રાઇમનો ભોગ ન બને તે માટે વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓ અને સાયબર સલામતી વિશે જાગૃત કરવા ખૂબ જરૂરી છે. ઇન્ટરનેટની દુનિયા વિશાળ છે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં તેના લાભદાયક ઉપયોગને નકારી શકાતો નથી. આપણી જરૂરિયાતને અનુલક્ષીને માહિતી પ્રાપ્તિ અને જ્ઞાનસંવર્ધન અર્થે ડિજિટલમાધ્યમોનો ઉપયોગ કરીએ, પરંતુ સાથેસાથે આમાધ્યમોનો ઉપયોગ કરવા સમયે સાવધાની પણ રાખીએ

Ref:- **GCERT** ગાંધીનગર **નિર્મિત ડી.એલ.એડ. અભ્યાસક્રમ મોડ્યુલ દ્વિતીય વર્ષ, કોર્ષ-6 ' માહિતી અને પ્રત્યાયન તકનિકી દ્વારા અધ્યયનનું સમૃદ્ધિકરણ- 2.**

**For More Detail And awareness videos at NCERT Official Channel playelist :-**

**https://www.youtube.com/watch?v=wyhCX2VyBwM&list=PLUgLcpnv1YifL6cliM6MALkmuaS0k3Nv-**

## MIT- Scratch- Coding

MIT-Scratch Coding વિદ્યાર્થીઓ માટે વિશ્વનો સૌથી મોટો કોડિંગ સમુદાય છે અને સરળ વિઝ્યુઅલઇન્ટરફેસ સાથેની કોડિંગ ભાષા છે. જે શિક્ષકો અને વિધાર્થીઓને ડિજિટલ વાર્તાઓ, રમતો અને એનિમેશન બનાવવાની તક પૂરી પાડે છે. સ્ક્રેચકોમ્પ્યુટેશનલ વિચાર અને સમસ્યા હલ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપે છે; સર્જનાત્મક શિક્ષણ અને શિક્ષણ; સ્વ-અભિવ્યક્તિ અને સહયોગ તથા તાર્કિક અભિયોગ્યતા વિકસાવવામાં અસરકારક ભૂમિકા પ્રદાન કરે છે. ઓનલાઇન કે ઓફલાઇન સ્ક્રેચ શીખવા માટે કોઇ પણ પ્રકારની ફી કે, ચાર્જ આપવો પડતો નથી તે તદ્દન ફ્રી અને 70 થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ પણ છે.

સ્ક્રેચ ખાસ કરીને 8 થી 16 વર્ષની વયના બાળકો/વિધાર્થીઓ અને અન્ય લોકો માટે ડિઝાઇન કરવામાં આવી છે, પરંતુ તેનો ઉપયોગ તમામ ઉંમરના લોકો કરે છે. વર્તમાન સમયમાં લોકો ઘરે, શાળાએ, સંગ્રહાલયોમાં, પુસ્તકાલયોમાં અને સમુદાય કેન્દ્રોમાં વિવિધ પ્રકારના સ્ક્રેચપ્રોજેક્ટ્ બનાવી રહ્યા છે.


કમ્પ્યૂટર પ્રોગ્રામ કોડ કરવાની ક્ષમતાએ આજના સમાજમાં સાક્ષરતાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જ્યારે લોકો સ્ક્રેચમાં કોડ કરવાનું શીખે છે, ત્યારે તેઓ સમસ્યાઓ ઉકેલવા, પ્રોજેક્ટ ડિઝાઇન કરવા અને વિચારોનો સંચાર કરવા માટે મહત્વપૂર્ણ વ્યૂહરચના શીખે છે.

સ્ક્રેચનો ઉપયોગ વિવિધ દેશો અને પ્રદેશોમાં થાય છે અને તે 70 થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે. ભાષાઓ બદલવા માટે, પૃષ્ઠના નીચે આપેલ મેનુ બટન પર ક્લિક કરો અથવા પ્રોજેક્ટ એડિટરમાં, પૃષ્ઠની ટોચ પરના ગ્લોબ પર ક્લિક કરો.


સ્ક્રેચકોડિંગ શું છે? તે વિશે માહિતી મેળવવા નીચેની લિંક પર ક્લિક કરો કે QR કોડને સ્કેન કરો.


સ્ક્રેચકોડિંગ પરિચય

https://youtu.be/tu0cPDxJAzc




કોઇપણ ઇન્ટરનેટ બ્રાઉઝરઓપન કરી તેના સર્ચબારમાં https://scratch.mit.edu/ ટાઇપ કરી સર્ચ કરતા સ્ક્રેચ ઓપન થશે.




અહીં નવું એકાઉન્ટ બનાવો.

ખાસ:- સ્ક્રેચનો ઉપયોગ ઓનલાઇન તેમજ ઓફલાઇન બંને રીતે કરી શકાય છે. જો તમારી પાસે ઇન્ટરનેટની સુવિધા ના હોયતો તમે એકવાર સ્ક્રેચ સોફ્ટવેર ઇન્ટરનેટનો ઉપયોગ

કરી તે ડાઉનલોડ કરી તેનો  ઓફલાઇન ઉપયોગ કરી તમે વિવિધ રમતો, વાર્તાઓ અને ગેમ બનાવી શકો છો.

ઓનલાઇન તેમજ ઓફલાઇન સ્કેચનો ઉપયોગ કઇ રીતે કરશો? તે જાણવા અને સમજવા માટે નીચેનો વીડિયો જુઓ.

સ્કેચઓનલાઇન/ઓફલાઇન ઉપયોગ

https://youtu.be/eI9VWnVT7rs

સ્કેચનો ઉપયોગ કરી તમે પ્રોજેક્ટ કઇ રીતે બનાવી શકશો તેની સમજ આપતો વીડિયો જોવા નીચેની લિંક કે QRકોડને ટચ કે સ્કેન કરો.

Create Project

https://youtu.be/RBq0msRQa5Q

**Reference:-સંદર્ભ સાહિત્ય**


1. https:||scratch.mit.edu

2.GIET ( Gujarat institute of educational technology) YouTube Chenal

DIKSHA (Digital infrastructure for knowledge sharing)

# Magic of Image Search Applications

આજે આપણે આપણા રોજબરોજના શૈક્ષણિક કાર્યમાં ઉપયોગી એવી થોડીક **એપ્લિકેશન** અને તેના ઉપયોગ વિશે માહિતી મેળવીશું. આપણા શૈક્ષણિક કાર્યમાં કોઈ એકમ ભણાવવો હોય કે, કોઈ અહેવાલ લેખન કરવું હોય, તો એમાં સૌથી વધારે ફોટોગ્રાફ્સની જરૂર પડે છે. કોઈ માહિતી ગુજરાતી સિવાય બીજી કોઈ અન્ય ભાષામાં હોય અને આપણે એની આપણી ભાષામાં જરૂર હોય, કોઈ લખાણ હાર્ડકોપીમાં હોય અને આપણે એને ટાઇપ કરવાની જરૂર પડે. અન્ય કોઈ માહિતી સર્ચ કરાવી હોય, વિદ્યાર્થીને કોઈ પ્રશ્નમાં મુંઝવણ હોય, કોઈ ફોટોગ્રાફ્સ આપણી જોડે હોય અને એને લગતો અન્ય કોઈ ફોટોગ્રાફ્સ નેટ ઉપરથી સર્ચ કરવો હોય વગેરે વગેરે...

તો ચાલો, આપણે આ બધાનું એક જ સોલ્યુશન લાવીએ. આજે આપણે ત્રણ **એપ્લિકેશન**ની જાણકારી મેળવીએ. જેમાં


1) Google Lens

2) Image Search

## Google Lens

- ગૂગલ લેન્સ શું છે?

Google લેન્સએ વિઝન- આધારિત કમ્પ્યૂટિંગ ક્ષમતાઓનો સમૂહ છે જે સમજી શકે છે કે, તમે શું જોઈ રહ્યાં છો અને તે માહિતીનો ઉપયોગ ટેક્સ્ટને કૉપી કરવા અથવા અનુવાદ કરવા, છોડ અને પ્રાણીઓને ઓળખવા, સ્થાનો(Location)અથવા મેનુઓનું Explore કરવા, Product શોધવા, ફોટોગ્રાફ્સના સમાન ફોટોગ્રાફ્સ શોધવા અને લેવા માટે ઉપયોગ કરી શકાય છે.





## ➢ ટેક્સ્ટકૉપી કરો અને અનુવાદ કરો.

આ સગવડથી આપણે 100 થી વધુ ભાષાઓમાંથી રીઅલ-ટાઇમમાં ટેક્સ્ટનો અનુવાદ કરી શકીએ છીએ. અથવા ઇમેજમાંથી ફકરા, સીરીયલનંબર અને વધુ કૉપી કરી શકીએ છીએ, પછી તેને તમારા ફોન અથવા તમારા કમ્પ્યૂટર પર Chrome વડે પેસ્ટ કરી શકીએ છીએ.




## ➢ સ્ટેપ બાય સ્ટેપ હોમવર્ક મદદ.

આ સગવડથી આપણે ગણિત, ઇતિહાસ, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર અને વધુ માટે વેબ પરથી ઝડપથી સમજાવનાર, વીડિયો અને પરિણામો શોધી શકીએ છીએ.




## ➢ છોડ અને પ્રાણીઓને ઓળખો.

તમારા મિત્રના એપાર્ટમેન્ટમાં કયો છોડ છે અથવા તમે પાર્કમાં કેવો કૂતરો જોયો અથવા અન્ય ઘણીબધી વસ્તુઓ કે જે તમે બીજી કોઈ અન્ય જગ્યાએ જુઓ છો અને એના વિશે તમારે વધુ જાણવું છે તો આપ આ સગવડનો ઉપયોગ કરી શકો છો.





## ➢ તમે જે જુઓ છો તે શોધો.

તમે જે જુઓ છો તે Google લેન્સ તમને શોધવા મદદ કરે છે. તમારા કૅમેરા અથવા કોઈપણ ફોટોનો ઉપયોગ કરીને, લેન્સ તમને તે ફોટાની સમાન ફોટોગ્રાફ્સ અને સંબંધિત સામગ્રી શોધવામાં મદદ કરે છે, સમગ્ર ઇન્ટરનેટ પરથી પરિણામો એકત્ર કરે છે.


## ➢ સ્કેન કરો અને ટેક્સ્ટનો અનુવાદ કરો.

તમે જુઓ છો તે શબ્દોનો અનુવાદ કરો, તમારા સંપર્કોમાં બિઝનેસ કાર્ડ સાચવો, પોસ્ટરમાંથી તમારા કૅલેન્ડરમાં ઇવેન્ટ ઉમેરો અને સમય બચાવવા માટે તમારા ફોનમાં જટિલ કોડ અથવા લાંબા ફકરાને કૉપી અને પેસ્ટ કરી શકો છો.





## ➢ તમારી આસપાસના સ્થાનોને explore કરો.

સીમાચિહ્નો, રેસ્ટોરન્ટ્સ અને સ્ટોરફ્રન્ટ્સને ઓળખી અને જાણી શકીએ છીએ. રેટિંગ્સ, કામગીરીના કલાકો, ઐતિહાસિક તથ્ય અને બીજું ઘણુ બધું જાણી શકીએ છીએ.




## ➢ શોધખોળ:-

એક Outfit કે જે તમારી આંખને ગમે છે અથવા તમારા લિવિંગ રૂમ માટે યોગ્ય ખુરશી. તમને ગમે તેવા કપડાં, ફર્નિચર અને ઘરની સજાવટ વગેરે શોધી શકીએ છીએ.




Google નકશાની Reviewના આધારે રેસ્ટોરન્ટ મેનૂ પર લોકપ્રિય વાનગીઓ જોઈ શકીએ છીએ અને ઓર્ડર આપી શકીએ છીએ. તેમજ રસ્તા શોધવા, આવેલ ઓનલાઈન ઓર્ડર, દૂર દેશમાં મોકલેલ પાર્સલની સ્થિતિ જાણી શકાય છે.

➢ **<u>સ્કેનકોડ્સ</u>**

**QR**કોડ અને **બારકોડ્સ** ઝડપથી સ્કેન કરી શકીએ છીએ. આના માટે મોબાઈલમાં અન્ય વધારાની કોઈ **એપ્લિકેશન** ઇન્સ્ટોલ કરવાની જરૂર રહેતી નથી.

આમ ઉપરોક્ત તમામ સગવડો આપણને માત્ર ગુગલની એકમાત્ર **એપ્લિકેશન**માંજ મળી રહે છે. જેવી કે, Translate, Text, Search, Homework, Shopping, Place, Dining, QR Code Scane વગેરે. આના માટે મોબાઈલમાં અન્ય વધારાની કોઈ **એપ્લિકેશન** જેવી કે, Google Translate, OCR Text Scanner, Google Image Search, Socratic વગેરેઇન્સ્ટોલ કરવાની જરૂર રહેતી નથી.

<u>લેન્સની કેટલીક સુવિધાઓ માટે ઇન્ટરનેટ કનેક્શનની જરૂર પડે છે.</u>

- **Google Lens એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટેની link :**

**https://play.google.com/store/apps/details?id=com.google.ar.lens**

**Image Search**

આ **એપ્લિકેશન**ની મદદથી આપણે ફોટોગ્રાફ્સ શોધી એને ડાઉનલોડ કરી અને શેઅર પણ કરી શકીએ છીએ. સામાન્ય રીતે આપણને નેટ ઉપર જરૂરી ફોટોગ્રાફ્સ શોધવામાં કેટલીકવાર કઠિન લાગે છે અને સમય પણ વધુ વેડફાય છે. આના માટે એક સુંદર **એપ્લિકેશન** પ્લેસ્ટોર ઉપર ઉપલબ્ધ છે. જેનું નામ છે **<u>Image Search</u>**.

આ **એપ્લિકેશન**ની મદદથી ફોટોગ્રાફ્સ શોધવાએ પહેલા કરતાં વધુ ઝડપી અને સરળ છે. આ એપ વડે તમે તમારો સમય બચાવી શકો છો. Image Search **એપ્લિકેશન** પર આ મુજબની સુવિધાઓ શામેલ છે.

- ફોટોગ્રાફ્સ શોધો (કીવર્ડ્સ અથવા ઇમેજ ફાઇલ દ્વારા)
- અન્ય એપ્સ પર ફોટોગ્રાફ્સ શેઅર કરો.
- ફોટોગ્રાફ્સ ડાઉનલોડ કરો
- વૉલપેપર તરીકે સેટિંગ
- એનિમેશન gif છબીઓ શોધો
- શોધ ઇતિહાસ
- ઇમેજનું સ્કેલ ડિસ્પ્લે
- શોધ ફિલ્ટર્સ (સામગ્રીનો પ્રકાર, રંગ, કદ, સમય)


Image Search **એપ્લિકેશન** ડાઉનલોડ કરવા માટેની link :

https://play.google.com/store/apps/details?id=sansunsen3.imagesearcher












# TRAINING MANAGEMENT SYSTEEM(tms.dietmehsana.org)

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા દ્વારા તાલીમ પ્રોગ્રામ માટે **Training NeedIdentification, Training Need Analysis, Pri-Training Activity, In-Training Activity** અને **Post-Training Activity** માટે**Training Management System (TMS) Portal તૈયાર કરવામાં આવેલ છે.** જિલ્લા કક્ષાએ TMS નાઉપયોગથી તાલીમનું સુચારુ આયોજન કરી શકાય છે. અને વહીવટી સુગમતા રહે. તાલીમનો ખર્ચ અને સમય બચાવી શકાય છે. આ ઉપરાંત તાલીમ ગુણવત્તાસભર આપી શકાય છે. **CPD (Continuous Professional Development)** શિક્ષક એ હંમેશા શીખતો રહે તે ખૂબ જરૂરી છે. માટે જ **NEP-2020** (નેશનલ એજ્યુકેશનલ પોલિસી)માં શિક્ષકે 50 કલાકની CPD વર્ષ દરમ્યાન પૂરી કરવાની ભલામણ કરવામાં આવી છે.

**TMSLOGIN :-**

**TMS પોર્ટલ પર LOGIN કરવા માટે બે પ્લેટફોર્મ છે 1) TMSGUJARAT એપ્લીકેશન અથવા 2)[https://tms.dietmehsana.org/](https://tms.dietmehsana.org/)વેબસાઈટ. આ બંનેમાંથી કોઈ પણ એક પ્લેટફોર્મનો ઉપયોગ નીચે મુજબ LOGIN માટે કરવાનો રહેશે.**




**અથવા**





- GOOGLE PLAY STORE પરથી આપના મોબાઈલમાં TMS GUJARAT નામની એપ્લીકેશન


- કોઈપણ ઈન્ટરનેટબ્રાઉઝર માં [https://tms.dietmehsana.org/](https://tms.dietmehsana.org/) **વેબસાઈટઓપન કરી એન્ટર**





- એપ્લીકેશનતથા વેબસાઈટમાં આપને આ પ્રકારનું LOGIN ડેશ બોર્ડ દેખાશે. જેમાં LOGIN થવા માટે આપનો રજીસ્ટર્ડ મોબાઈલ નંબર દાખલ કરવાનો રહેશે. અને નીચે દેખાતો કેપ્ચા નાખી. LOGIN પર ક્લિક કરતા આપના રજીસ્ટર્ડ ઈમેલએડ્રેસ પર OTP મળશે.




- આપને ઈમેલ માં INBOX માં મળેલ OTP TMS એપ્લીકેશનમાં નાખી સબમિટ બટન પર ક્લિક કરો. (જો INBOX માં ઈમેલ ન મળે તો એક વાર SPAM ટેબમાં પણ OTP ચેક કરો.) સબમિટ કાર્ય બાદ નીચે મુજબ સ્ક્રીન દેખાશે.




- LOGIN થયા બાદ આપને દેખાતા ડેશબોર્ડમાં સૌ પ્રથમ આપે જમણી બાજુ દેખાતા આપના પ્રોફાઈલ પિક્ચર પર ક્લિક કરી PROFILE અને પાસવર્ડ બદલવાનો રહેશે .
- ભવિષ્યમાં ફરીથી લોગ ઇન માટે આપનો પાસવર્ડ અને રજીસ્ટર્ડ ઈમેલથી લોગ ઇન કરવાનું રહેશે.





- પ્રોફાઈલ અપડેટમાં માંગવામાં આવેલ તમામ માહિતી જેવી કે તમારું નામ , હોદ્દો , શાળા , બેંકની તમામ માહિતી , તાલીમની જરૂરિયાત, આપનો નોકરી અનુભવ વગેરે ચોકસાઈ પૂર્વક ભરવાનો રહેશે.

- ઉપરોક્ત માહિતી ખુબ જ ચોકસાઈ પૂર્વક અપડેટ એક જ વાર કરવાની રહેશે. ત્યાર બાદ આપની બદલી તથા ડેપ્યુટેશન થતા ફરી અપડેટ કરવાની રહેશે. જો આમાં ભૂલ હોય તો આપ ઈચ્છો તેટલી વાર આ માહિતી અપડેટ કરી શકો છો.


**તાલીમ દરમિયાન ઍપ્લીકેશનમાં કરવાની થતી કામગીરી :-**

તાલીમનું આયોજન કરવામાં આવે ત્યારે તાલીમ દરમિયાન આપે નીચે મુજબનું કામ આ ઍપ્લીકેશનમાં કરવાનું રહેશે.

**તાલીમ હાજરી:-**




- લોગ ઇન થયા બાદ ડેશબોર્ડ પર QR Code Scanner નામનો ઓપ્શન દેખાશે જેના પર ક્લિક કરો.
- Request camera permissions પર ક્લિક કરો
- Select Camera પાસે ક્લિક કરી આપના મોબાઈલનો Back camera સિલેક્ટ કરી આપને આપવામાં આવેલ QRCode સ્કેન કરતા સફેદ બોર્ડર ગ્રીન કલરની થઇ આપની હાજરી પુરાઈ જશે.





- QR Code સફળતા પૂર્વક સ્કેન કરતા ડેશબોર્ડ પર આપની તાલીમ દેખાશે જેનો અર્થ આપની હાજરી સિસ્ટમમાં નોધી લેવાઈ
- આ ત્રણ મેનુ પર ક્લિક કરી આપ MyTrainingઓપ્શનમાં જઈ આપની તમામ તાલીમ નો રેકર્ડસ અને સમય જોઈ શકો છો.
- તાલીમમાં આપને આપેલ સુચના મુજબ અહી TA-DA ની વિગત તેમજ Feedback તથા સુચના મુજબ Pre-test અને Post-test આપવાના ઓપ્શન અહી જોવા મળશે જેમાં ચોકસાઈ મુજબ માહિતી ભરવી.
- સફળતા પૂર્વક દરેક તાલીમ પૂર્ણ કર્યા બાદ જિલ્લા ઓથોરીટી આપનો ડેટા વેરીફીકેશન કરી આકર્ષક સર્ટીફીકેટ પણ ડાઉનલોડ કરી શકશો.


## ➢ **BRCC અને CRCC ની ભૂમિકા:-**

આ ઍપ્લીકેશન માં BRCC અને CRCC ને ડેશબોર્ડ શિક્ષક ડેશબોર્ડ કરતા વધુ ઓપ્શન આપવામાં આવેલ છે.

CRCC TMS ડેશ બોર્ડ

BRCC TMS ડેશબોર્ડ



➢ BRCC અને CRCC ડેશબોર્ડ દ્વારા તેઓના કાર્યક્ષેત્રમાં આવતા શિક્ષકો ની માહિતીની ચકાસણી કરી શકશે તેમજ તેઓના બ્લોકમાં તથા ક્લસ્ટરમાં ચાલતી તાલીમમાં મદદરૂપ થઇ શકશે.તેઓ SETTINGS ઓપ્શનમાં આપેલ USERS ટેબમાં શિક્ષકોની માહિતી ચકાસી શકશે તથા તેમાં રહેલ શિક્ષકની માહિતી,ઈમેલ,મોબાઈલ નંબર વગેરે વિગતમાં સુધારો કરી શકશે. પોતાના બ્લોક તેમજ ક્લસ્ટર ના નવીન શિક્ષકની Add new ઓપ્શન પર ક્લિક કરી ઉમેરી શકશે.

➢ આ ઉપરાંત તેઓ જિલ્લા એડમિનિસ્ટ્રેશન દ્વારા સમયાંતરે આપવામાં આવતા તાલીમ સંદર્ભિત વધારાના ઓપ્શનનો પણ ઉપયોગ કરી શકશે.

- **ઍપ્લીકેશનની ઉપયોગીતા:-**
  - ✓ NEP-2020 અંતર્ગત શિક્ષક તાલીમના કલાકો પર નજર રાખી શકાય છે.
  - ✓ NEP-2020 અંતર્ગત શિક્ષક તાલીમ માટે વિષય સંદર્ભે રસ-રૂચી જાણી શકાય છે. અને તે મુજબ તાલીમોનું આયોજન કરી શકાય છે.
  - ✓ શિક્ષકોની તાલીમ દરમિયાન હાજરી ને સુનિશ્ચિત કરી શકાય તેમજ હાજરીની પ્રક્રિયા ખુબ ઝડપી પૂર્ણ કરી શકાય છે.
  - ✓ TA-DA જેવી વહીવટી પ્રક્રિયામાં ભૂલ રહિત સરળ કામગીરી કરી શકાય.
  - ✓ Pre-test અને Post-test દ્વારા તાલીમ ની શિક્ષક પર અસરકારકતા જાણી શકાય. તથા તેના પરિણામોનું ઝડપી પૃથક્કરણ કરી શકાય.
  - ✓ Feedback દ્વારા તાલીમાર્થીઓની તાલીમ પ્રત્યેની રસ રુચીને જાણી શકાય.
  - ✓ શિક્ષકો પોતે લીધેલ તાલીમનો રેકોર્ડ નિયમિત જોઈ શકે તથા તાલીમ પૂર્ણ કર્યા બાદ સુંદર પ્રમાણપત્ર મેળવી શકે છે.













DISTRICT INSTITUTE OF EDUCATION & TRAINING MEHSANA
D.I.E.T. MAHESANA

GCERT
Gandhinagar

જિલ્લા શિક્ષણ અને
તાલીમ ભવન
મહેસાણા

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર